ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# મનપાની પેટા-ચૂંટણીમાં ૨૮.૭૫ ટકા મતદાન

## ૧૦ થી ૧૨માં જ મતદાન વધ્યુ બાકી સતત ઘટતુ રહ્યુ : બુથ મેનેજમેન્ટમાં કાઉન્સીલરો અને નેતાઓ જાતે બેઠા : મતદારોને લઈ આવવામાં બન્ને સ્પર્ધક પક્ષો નિષ્ફળ રહ્યા







ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગર પાલિકાની પ્રથમવાર યોજાયેલ પેટા-ચૂંટણીમાં ૨૮.૭૫ ટકા મતદાન નોંધાયુ છે. આટલુ ઓછુ મતદાન થતાં રાજકીય પંડિતો પણ સ્તબ્ધ બન્યા છે. આ મતદાનના આંકડા કાંટે કી ટક્કરના સંકેત આપે છે અને જય-પરાજય વચ્ચેનો તફાવત ૧૦૦ થી ૨૦૦ મતનો રહેશે તેવા સંકેતો આપે છે.

આજે સવારે ૮ વાગ્યાથી શરૂ થયેલા મતદાનમાં શરૂઆતથી જ મતદાર નિરૂત્સાહી જણાયો હતો. પ્રથમ બે કલાકમાં જ ૪.૪૫ ટકા જેટલુ મતદાન નોંધાયુ હતુ. જોકે આ પછી અર્થાત ૧૦ થી ૧૨માં થોડીક ગતિ આવી હતી અને આ બે કલાકમાં ૮ ટકા જેટલુ મતદાન નોંધાતા કાર્યકરોમાં ઉત્સાહનો સંચાર થયો હતો.

જો કે ૧૨ થી ૨ ના ગાળામાં માત્ર ૬ ટકા જ મતદારો બહાર નીકળ્યા હતા તેથી બન્ને પક્ષમાં સોંપો પડી ગયો હતો અને કાર્યકરો મતદારોને મનાવવા દોડતા થયા હતા. બપોરે બે વાગ્યા સુધીમાં માત્ર ૧૮.૫૮ ટકા જ મતદાન થયું હતું.

બપોરે બે થી ચારના ગાળામાં પણ વધુ ૬ ટકા જ મતદારોએ મતદાન માટે ઉત્સાહ દાખવ્યો હતો. તો છેલ્લા એક કલાકમાં ૪.૭૫ ટકા જ મતદારોએ મતદાન કર્યુ હતુ.

બુથ મેનેજમેન્ટ માટે માહિર ગણાતા ભાજપના નેતાઓ આજે મતદાનને બહાર કાઢવામાં નિષ્ફળ રહ્યા હતા. તો બીજી તરફ કોંગ્રેસના કાર્યકરો બ્રહ્મસમાજની સક્રિયતાને લઈ ઉત્સાહિત જણાતા હતા.

જો કે સાંજે મતદાનના આંકડા આવ્યા પછી બન્ને પક્ષોએ વિજયના સામસામા દાવા જરૂર કર્યા છે.

આજે થયેલા મતદાનમાં ૨૯૫૯ પુરૂષ અને ૨૩૩૫ સ્ત્રી મતદારોએ મતદાન કર્યુ હતુ. કુલ ૧૮ હજારથી વધુ નોંધાયેલા મતદારોમાંથી ૫૩૧૪ મતદારોએ જ મતદાનમાં રસ દાખવ્યો હતો.

આજે મતદાન મથકો પર બુથ મેનેજમેન્ટમાં બન્ને પક્ષોએ તેમના કાઉન્સીલરોને બેસાડ્યા હતા. તો ભાજપના શહેર સંગઠનના આગેવાનો પણ કેસરી ટોપી અને ખેસ ધારણ કરી મતદાનમથકો પર જોવા મળ્યા હતા.

ધીમુ અને નિરસ મતદાન થવામાં મતદાનમથકોના સ્થળમાં થયેલા ફેરફારોને ઉપરાંત ઓળખ માટેના નમૂનાની ઝેરોક્ષ નહિ પણ મૂળ નકલ માંગવામાં આવતાં કેટલાક મતદારો તો મતદાન કર્યા વગર પરત ફર્યા હતા. આ ઉપરાંત કાર્યકરોમાં પણ ઉત્સાહનો અભાવ જોવા મળતો હતો.


આજની ચૂંટણીમાં બ્રહ્મસમાજના આગેવાનો સક્રિયતાએ સૌને ચોંકાવી દીધા હતા. આ આગેવાનો આખો દિવસ બધા જ બુથો પર જોવા મળતા હતા.

આ ચૂંટણીમાં જો કે બન્ને પક્ષો મતદારોને બહાર કાઢવામાં ઉદાસીન જરૂર રહ્યા છે. ૧૦ થી ૧૨ ના ગાળા દરમ્યાન થોડોક ઉત્સાહ જોવા મળ્યો હતો. ૧૨ વાગ્યા પછી સતત મતદાનમાં ઘટાડો નોંધાયો છે.

ભાજપ તરફથી એસ.એમ.એસ. તેમજ મેયર દ્વારા વોર્ડના મતદારોને અપની ફર્જ અદા કરેની અપીલ કારગત નીવડી ન હતી. તો મતદારો પણ રવિવારની રજાના મૂડમાં વધુ જણાયા હતા.

હવે મંગળવારે સવારે આ ચૂંટણીની મતગણતરી હાથ ધરાશે. આ પેટા-ચૂંટણીમાં ચારેય ઉમેદવારોના રાજકીય ભાવિ ઈ.વી.એમ.માં સિલ થઈ ગયા છે. મતદાન શાંતિપૂર્ણ રહેતાં તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો.

## પરિવાર દિઠ ચાર ચક્રી વાહનોમાં તો ગાંધીનગર શહેર અમદાવાદનીય મોર!!





**આવનારી ટ્રાફિક અને પર્યાવરણ સમસ્યાને સમજી પબ્લિક ટ્રાન્સપોર્ટ સુવિધા વધુ મજબૂત કરવી જરૂરી**

વસ્તી ગણતરી અહેવાલ ૨૦૧૧ અનુસાર ગુજરાતના કુલ પરિવારો પૈકી ૩૫ ટકા -૩૫ ટકા પાસે સાયકલ અને દ્વિચક્રી વાહનો છે જ્યારે ૬ ટકા પરિવાર પાસે ચાર ચક્રી કરી વાહનો છે. આ આંકડાઓ ગાંધીનગરના સંદર્ભે જોઈએ તો ગાંધીનગરમાં ૪૨ ટકા પરિવારો સાયકલ અને ૩૭ ટકા પરિવારો દ્વિચક્રી વાહનો ધરાવે છે જ્યારે ૯ ટકાથી વધુ પરિવારો જીપ,કાર અને વાન જેવા ચાર ચક્રી વાહનોની માલિકી ધરાવે છે. આમ ગુજરાતની સરખામણીએ ગાંધીનગરના પરિવારો પાસે સાઈકલ સહિતના દ્વિચક્રીય વાહનોની સુવિધા વધુ છે જે દર્શાવે છે કે ગાંધીનગર જિલ્લો અન્ય મહાનગરની સરખામણીએ વધુ સમૃધ્ધ છે. એક દ્રષ્ટિએ આ આંકડાઓ ભૌતિક સુખ સુવિધા સાથેના પરિવારો છે એમ પણ દર્શાવે છે.

આપણે જયારે વાહનોનાં સંદર્ભમાં ગુજરાત અને ગાંધીનગરની સરખામણી કરીએ છીએ ત્યારે સ્પષ્ટ થાય છે કે અમદાવાદની સરખામણીએ ગાંધીનગર તો સાવ નાનકડું શહેર હોવા છતાં અહીંયા વાહનોનું પ્રમાણ વધારે છે. ગાંધીનગર શહેર અને ગ્રામીણ વિસ્તારની આપણે વાત કરીએ તો ગાંધીનગરના ગ્રામ્ય સેન્સસ વિસ્તારમાં સાયકલ, સ્કૂટર-મોપેડ-બાઈક જેવા ટુ વ્હિલરની સંખ્યા અને કાર જીપ અને વાન જેવા ફોર વ્હિલરની ટકાવારી અનુક્રમે ૩૫, ૨૪ અને ૪.૨ ટકા છે જ્યારે એને શહેરી ગાંધીનગરના આંકડાઓમાં જોઈએ તો ૫૧,૫૩ અને ૧૫ ટકા થાય છે. આમ ગાંધીનગર ના શહેરી વિસ્તાર અને ગ્રામીણ વિસ્તાર વચ્ચે ખાસ્સું અંતર છે. ગુજરાતની સરખામણીએ ગાંધીનગરના આંકડા સારા હોય તો એક કારણ એ પણ છે કે વધુ વાહનો શહેરી વિસ્તારમાં હોવાથી ગાંધીનગર ગ્રામ્ય અને શહેરી સેન્સસની સરાસરીના કારણે વાહનોની આંકડાકીય ટકાવારીનું પ્રમાણ ઊંચું છે.

ગાંધીનગર ગ્રામ્ય અને શહેરી પરિવારો પાસે વાહનની સુવિધા બાબતે ખાસો તફાવત છે. એમાં પણ ચાર ચક્રી વાહનોની સંખ્યાનો તફાવત તો ખાસો છે. ફોર વ્હિલરમાં તો અમદાવાદ જેવું મોટું શહેર પણ ગાંધીનગર શહેર કરતા ટકાવારીમાં ૨ ટકા પાછળ છે. રાષ્ટ્રીયકૃત બેંક્સ દ્વારા સરકારી કર્મચારીઓ માટે ખાસ લોન મેળા કેમ વારેવારે યોજે છે?- એ સમજાય છે ને! અને એવી જ રીતે એમ પણ સમજાય છે ને કે ફોર વ્હિલર્સની ટકાવારીમાં ગાંધીનગર કેમ આગળ પડતું છે? ગાંધીનગર એક સમયે કર્મચારીઓનું શહેર હતું. આજે એવું નથી. ગાંધીનગરના અનેક વિસ્તારોમાં બાળકોને ભણાવવા માટે વાલીઓ બહારના વિસ્તારમાંથી આ શહેર ઉપર પસંદગી ઉતારે છે, એટ્લે જ થોડા વખતમાં ઘણી બધી ડે બોર્ડિંગ/ રેસિડેંશિયલ સ્કૂલ્સ, હોસ્ટેલ્સ શરૂ થઈ છે તો સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે ગાંધીનગર બેસ્ટ ડેસ્ટિનેશન બન્યું છે. ઈન્ફો સર્વિસીઝ

● અનુસંધાન પાન-૭ પર

## મતદારોના નિરૂત્સાહે રાજકીય પંડિતોને પણ ગણિતમાં અટવાવી દીધા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાની પ્રથમ પેટા-ચૂંટણીમાં મતદારોના નિરૂત્સાહે સત્તાધારી ભાજપ તો વિપક્ષ કોંગ્રેસની નેતાગીરીને વિચાર કરતા કરી દીધા છે.

મનપાની સેવાઓ સામેની નારાજગી વધુ જોવા મળી હતી એટલુ જ નહિ તડજોડની જે રાજનીતિ ખેલાય છે તેને પણ આજે મતદારોએ નકારી છે.

**તડજોડની રાજનીતિને જાકારો કે મનપાની કથળેલી સેવાઓને જાકારો ?**

આજની આ પેટા-ચૂંટણીમાં વિકાસ કે સ્થિર શાસનનુ સૂત્ર ચાલ્યુ નથી. બન્ને પક્ષના જિલ્લાના આગેવાનો તેમજ શહેરના આગેવાનો સતત દોડતા રહ્યા પણ મતદારોને મનાવવામાં નિષ્ફળ રહ્યા છે.

રવિવારની રજા હોવા છતાં મતદારોએ નિરૂત્સાહ બતાવતાં આગેવાનો પણ ક્ષોભીલા થઈ ગયેલા નજરે પડતા હતા.

મનપાની પેટા-ચૂંટણીમાં પ્રથમવાર ઝુકાવનાર એન.સી.પી.ના કાર્યકરો ક્યાંય દેખાયા ન હતા.

આ ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ સ્પર્ધા રહેશે તેવુ હાલ મનાઈ રહ્યું છે.

આજે બુથ મેનેજમેન્ટમાં ભાજપ તરફે પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ અમીત ચૌધરી, પૂર્વ ધારાસભ્ય અશોક પટેલ, પૂર્વ ગુડા ચેરમેન આશિષ દવે, કાઉન્સીલરો રીટાબેન પટેલ, પ્રવિણાબેન વોરા, પ્રીતીબેન દવે, નરેશભાઈ પરમાર, સહકારી આગેવાન કેતન પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, (સે.૩૦) સરોજબેન મેણાત, સત્યદીપસિંહ પરમાર, સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા, કાર્તિક પટેલ, સુરેશ મહેતા, મહેશભાઈ પુરોહિત, ઉરેન પટેલ, ભાવિન પટેલ, કનુભાઈ દેસાઈ સહિતના આગેવાનો નજરે પડ્યા હતા.

તો કોંગ્રેસ તરફે પ્રદેશ મહામંત્રી નિશીથ વ્યાસ, ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર, છનાભાઈ ચૌધરી, જશુભા રાણા, બેચરજી ઠાકોર, પ્રદેશ અગ્રણી હિમાંશુ વ્યાસ, વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, ચીમનભાઈ વિંઝુડા, જીતુ રાયકા, અંકિત બારોટ, લલીબેન ઠાકોર, મીનાબા વાઘેલા, લિરલબા વાઘેલા, જશીબેન, રાકેશ જાની, રજનીભાઈ પટેલ, ઉર્પલભાઈ જોશી, હિરલબેન જોશી, રાકેશ પટેલ, કે.આર. પટેલ, જયદીપસિંહ ઠાકોર, ભાવિનસિંહ ઠાકોર, કરણસિંહ પરમાર, અમીત ચારેલ, રોશનબેન પરમાર, અશ્વિનભાઈ

● અનુસંધાન પાન-૭ પર




**બેસણું**

**સ્વ. શિવાભાઈ કેશવલાલ ચૌધરી**

(નિવૃત શિક્ષક)

જન્મ તા. ૦૧/૦૩/૧૯૩૫ • સ્વ. તા. ૧૯/૦૭/૨૦૧૯

જીવનભર પરિશ્રમના દિવસો વિતાવી જીવનરૂપી જયોત અને ચંદન સમુ જીવન જીવી સૌના માટે ફુલો પાથરનાર ધ્યેય નિષ્ઠ એવા અમારા પૂજય પિતાશ્રી **સ્વ. શિવાભાઈ કેશવલાલ ચૌધરી** શ્રીજી ચરણના ધામમાં પધાર્યા છે.

**સદ્ગતનું બેસણું સવારે ૮.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળોએ રાખેલ છે.**

**તા.૨૨-૭-૨૦૧૯ને સોમવાર** મું.પામોલ, તા.વિજાપુર.

**તા.૨૩-૭-૨૦૧૯ને મંગળવાર**
ઉમિયામાતાજી સંસ્થાન એ.સી. હોલ, સેકટર-૧૨, ગાંધીનગર

અમરતભાઈ શિવાભાઈ ચૌધરી લિ. દશરથભાઈ શિવાભાઈ ચૌધરી (D.S.)
નિસર્ગ અમરતભાઈ ચૌધરી રોનક દશરથભાઈ ચૌધરી


## ગાંધીનગરથી રીસાયેલા મેઘરાજાને રીઝવવા માટે પર્જન્ય યજ્ઞ કરાશે

**રાજયના વિવિધ ભાગોમાં મુશળધાર વરસાદના અંતે પણ ગાંધીનગરમાં સુકી ગરમી : વરસાદના કોઇ એંધાણ ન હોવાથી ગરમીથી ત્રસ્ત શહેરીજનો અને ખેડુતોમાં ચિંતા : મેઘરાજાને મનાવવા માટે ઠેર ઠેર પ્રાર્થના અને ભજનનુ આયોજન**

ગાંધીનગર તા ૨૧

મેઘરાજા હવે તો વરસો...વરસાદ..ગાંધીનગરથી રીસાયો છે..મેઘરાજા એટલી હદે રીસાયેલા છે કે હાથતાળી આપવાનુ પણ પસંદ કરતા નથી. સમગ્ર રાજયમાં મોટાભાગના વિસ્તારમાં આજે મેહુલિયો ધોધમાર વરસ્યો પરંતુ ગાંધીનગરને બાયપાસ કરી દીધુ.. નગરની હરિયાળી પ્રકૃતિ પણ તાજગી મેળવવા મેઘરાજાની વાટે છે. ગરમીથી ત્રસ્ત નગરજનો અને ખરીફ પાક માટે વરસાદની વાટે નભ તરફ નજર માંડરીને બેઠેલા ખેડુતોમાં પણ મેઘરાજા ક્યારે વરસશે તેની ચિંતાના વાદળો મંડરાયા છે. ત્યારે હવે રીસાયેલા મેઘરાજાને મનાવવા માટે શહેરમાં પર્જન્ય યજ્ઞ સહીત ભજન , ધુન સહીતના કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. આજે પણ વરસાદની ગેરહાજરી વચ્ચે આકરી ગરમી અને બફારાથી શહેરીજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા.

ગાંધીનગરમાં વરસાદનુ આગમન થતુ નથી. વરસાદી વાયરા અને ગોરંભાયેલા વાદળો વચ્ચે અનેકવાર મેહુલિયો હમણાં જ દે દનાદન વરસશે તેવી આશ નગરજનો માટે વારંવાર ઠગારી નિવડી છે. શહેરમાં અત્યાર સુધી માંડ બે ચાર વાર છાંટણા વરસાવી વિદાય લઈ ગયેલા મેઘરાજા મહેરબાન થાય તે માટે જનજીવન કાગડોળે રાહ જોઈ રહ્યુ છે. વરસાદના વિલંબના લીધે ખરીફ પાક ટાંણે ખેડુતોમાં પણ ચિંતાનુ મોજુ પ્રવર્તયુ છે. ગઈકાલે પણ ગરમીનો પારો ૪૦.૮ ડીગ્રી પહોંચી જતા નગરજનોએ ઉનાળા જેવી આક્રમક ગરમીનો અહેસાસ કર્યો હતો. આકરી ગરમી અને બફારાના લીધે નગરજનોએ ભઠ્ઠીમાં શેકાતા હોવાનો અહેસાસ કર્યો હતો. સવારે પણ વાતાવરણમાં ઠંડક અનુભવાતી નથી. જયારે વરસાદની ગેરહાજરી વચ્ચે રાત્રિના સમયે પણ નગરજનો ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. ગત જુન મહીના દરમિયાન પણ ગોરંભાયેલા વાદળો વરસ્યા નથી. જયારે જુલાઈ મહીનો પુરો થવામાં છે. ત્યારે જુલાઈના અંતિમ દિવસોમાં પણ નગરની માટી ભીની થાય તેટલો વરસાદ પણ આવ્યો નથી. વરસાદના વિરહથી નગરજનો

● અનુસંધાન પાન-૭ પર

## નિવૃત્ત પોલીસ અધિક્ષક વી. આર. ટોળીયાનું હ્રદય રોગના હુમલાથી અવસાન

**પોલીસ ઇન્સ્પેક્ટર પદે ગાંધીનગરમાં ચાર વર્ષ ફરજ બજાવી ગાંધીનગરાઓના દિલ જીતી લીધા હતા : સાલસ સ્વભાવના પોલીસ અધિકારીની ખોટ વર્તાશે : ભરવાડ સમાજ અને પોલીસ બેડામાં શોકનો માહોલ : પરિવારજનો કેલિફોર્નિયા જવા રવાના**



ગાંધીનગર તા ૨૧

પોલીસ અધિક્ષક એસપી તરીકે નિવૃત્ત થયેલા ડૉ.વી.આર ટોળીયા અમેરિકા કેલિફોર્નિયા ખાતે ગયા હતા ત્યાં ગઈ કાલે રાત્રે તેમને અચાનક હ્રદય રોગનો હુમલો આવતાં તેમનું અવસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ અધિકારી હોવા છતાં સાલસ અને મિલનસાર સ્વભાવ ધરાવતા હોય તેવું વ્યક્તિત્વ ભાગ્યે જ જોવા મળતું હોય છે. જે ગુણ વી.આર. ટોળીયામાં પણ હતો. વી.આર ટોળીયા પોલીસ ઈન્સ્પેક્ટર હતા ત્યારે ગાંધીનગર જિલ્લામાં ચાર વર્ષ નોકરી કરી હતી પરંતુ આ ચાર વર્ષમાં તેમણે ગાંધીનગરઓના દિલ જીતી લીધા હતા. આ દુખદ સમાચાર થી ભરવાડ સમાજ તથા પોલીસબેડામાં શોકનો માહોલ છવાઈ ગયો છે. દુખદ સમાચારની જાણ થતા જ તેમના પરિવારજનો અમેરિકા ખાતે જવા રવાના થઈ ગયા છે.

ગાંધીનગર શહેરમાં વર્ષ ૨૦૦૩ માં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે હાજર થયા બાદ તેમણે ગાંધીનગરમાં લોકલ ક્રાઈમ બ્રાંચ અને અને સેક્ટર-૭ પોલીસ મથકમાં પણ જવાબદારી સાથે ફરજ બજાવી હતી. ચાર વર્ષ ગાંધીનગરમાં ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવનાર આ અધિકારીએ ગુનેગારોના નાકે દમ લાવી દીધો હતો. તે સમયગાળા દરમિયાન બારીની ગ્રીલમાંથી અંદર ઘરમાં ઘુસીને ઘરફોડ ચોરી ખુબ જ વધી ગઈ હતી. નગરજનો આ ઘરફોડિયાથી ત્રસ્ત થઈ ગયા હતા, ત્યારે લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવી રહેલા આ ડો. વી.આર ટોળીયાએ પોતાના બાતમીદારો સક્રિય કરીને ૪૦થી વધુ ઘરફોડ ચોરીને અંજામ આપનાર તે સમયના ખૂંખાર ઘરફોડીયા વિક્રમ બચુને દબોચી લીધો હતો અને નગરજનોને પુનઃ સલામત કર્યા હતા. એટલું જ નહીં વાહન ચોરો ઓઈલ ચોરો તથા રોમિયોગીરી કરતા તત્વોને પણ તેમણે કાબુમાં લીધા હતા. ગાંધીનગર શહેરના સેક્ટર-૭ પોલીસ મથકને સેક્ટર-૬માં લઈ જઈને કાર્યરત કરવામાં આવ્યું, તે સમયે પણ વી.આર ટોલિયા જ સે-૬ પોલીસ સ્ટેશનના પ્રથમ પોલીસ ઈન્સ્પેક્ટર હતા. વી.આર ટોળીયાને તેમની પ્રશંસનીય કામગીરી બદલ રાષ્ટ્રપતિ ચંદ્રક પણ એનાયત કરીને વિશેષ સન્માન નવાજિત કરવામાં આવ્યા છે. આ જ પોલીસ અધિકારી અમેરિકાના કેલિફોર્નિયા ખાતે તાજેતરમાં જ ગયા હતા અને ત્યાં ગઈકાલે રાત્રે હ્રદયરોગના હુમલાથી તેમનું દુઃખદ અવસાન થતા સમગ્ર પોલીસબેડામાં તથા સમાજમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે.


**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ®**

AN ISO 9001:2008 Certified Company

**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com